## ઐસી મૂઢતા યા મન કી !

**હરેશ ધોળકિયા**

પ્રખ્યાત લેખક મન્ટો પર ઉતરેલી ફિલ્મ જોવાની તક મળી. તેના વિશે ખૂબ સાંભળેલું, પણ ઊંડાણથી માહિતી ન હતી. આ ફિલ્મ જોયા પછી તેના વિશે વધારે ખ્યાલ આવ્યો. ખૂબ જ સુંદર ફિલ્મ બનાવી છે. મન્ટો તરીકે નવાઝુદીન સિદીકીનો અભિનય પણ ઉતમ છે. સામાન્ય સંદર્ભમાં ખૂબ જ ઠંડી ફિલ્મ હોવા છતાં હકીકતે ખૂબ જ આનંદ આવ્યો. બીજી વાર જોવા જેવી. ખાસ તો તે એક ચોકકસ સમય આધારિત ફિલ્મ ( પિરીયડ ફિલ્મ) હોવાથી ઈતિહાસપ્રેમી તરીકે વધારે મજા આવી. ત્યારના સર્જકો ઈસ્મત ચુગાઈ, કૃષણચન્દ્ર, રાજેન્દ્રસિંહ બેદી, તો અભિનેતાઓ અશોકકુમાર કે શ્યામ કે ગાયિકા જદનબાઈ વગેરેનો સાક્ષાત્કાર થયો. ત્યારના ધિકકારમય વાતાવરણને આબેહુબ ઝીલ્યું છે. પણ અહીં એ ફિલ્મની વાત કરવાનો ઈરાદો નથી. ફિલ્મના માધ્યમથી એક બીજી જ બાબત ધ્યાનમાં આવી તેના પ્રત્યે આંગળી ચીંધવી છે.

સમગ્ર ફિલ્મમાં મન્ટો પર સતત કેસો ચાલે છે. તેની દરેક વાર્તા અશ્લિલ છે એવા આક્ષેપો તેના પર થતા રહ્યા અને ભારત અને પાકિસ્તાનમાં બન્ને સ્થળે તેના પર કેસો ચાલતા રહ્યા. તેનો મોટા ભાગનો સમય પોતાના બચાવમાં વેડફાતો રહ્યો. હતાશ થઈ મરી ગયો તે.

ઈતિહાસ જોતાં લાગે છે કે સામાન્ય સમાજને કયારે સર્જનાત્મક લોકો નથી ગમતા. તેમને કોઈ પણ રીતે કેમ ઉતારી પાડવા કે હેરાન કરવા તે જાણે બધા સમયના સમાજોનો ધંધો રહેતો હોય છે. દરેક સમયે વિશ્વનાં બધાં જ સ્થળોએ તેના સર્જકોને, પ્રતિભાવાનોને, ત્યારના સમાજે સતત હેરાન કર્યા છે. કયારેક તો ઝનૂનથી મારી પણ નાખ્યા છે. પછી ભલે પૂજા કરી છે, પણ જીવતા હતા ત્યારે તો સહન નથી જ કર્યા. આજે પણ આ કામ ચાલુ જ છે !

એમ કેમ બને છે ? સમાજ પ્રતિભાવાનોને કેમ સહન નથી કરી શકતો ?

કારણ એ છે કે સમાજનો મોટા ભાગનો હિસ્સો– લગભગ નેવુથી વધારે ટકા– સામાન્ય લોકોનો બનેલ છે. આ નેવુ ટકા લોકોનું મન પરંપરાઓ, રૂઢિ, ધર્મ, સંકુચિતતામાં જકડાઈ ગયેલ હોય છે. તેઓનો ઉછેર જ આ બધા વચ્ચે થાય છે. તેઓ પણ મોટા થઈ આ બધું તેમનાં સંતાનોમાં આરોપી દે છે. આમ આ બધી વ્યર્થ બાબતો ચાલુ જ રહે છે. તેની બહાર વિચારી શકવાની કેળવણી અપાતી જ નથી. પરિણામે મોટા ભાગનો સમાજ, દરેક પેઢીમાં, આ રૂઢિચૂસ્તતામાં જ જકડાયેલ રહે છે. તેના કાદવમાં ફસાયેલ રહે છે. તેને જ સાચું માને છે, સર્વસ્વ માને છે. તેનાથી બહાર કશું હોઈ શકે એમ માનતો જ નથી. કદાચ કોઈ વિચારવા જાય તો વડીલો તેને બેસાડી દે છે અને પુનઃ સંકુચિતતામાં ગરક કરી દે છે. આ નેવુ ટકા લોકો સમગ્ર જીવન કૂવામાંના દેડકા જેમ જીવે છે અને મરી જાય છે.

હવે જેઓ પ્રતિભાશાળી કે સર્જનાત્મક લોકો હોય છે– સમાજના દસ ટકા– તેઓ તો વિશાળ બુધ્ધિ અને મન ધરાવે છે. તેમને વ્યાપકતાનો અનુભવ થતો હોય છે અને તેઓ તેને જ વિવિધ રીતે વ્યકત કરે છે. તેમનાં સર્જનોમાં–પછી તે સાહિત્ય હોય કે ચિત્ર હોય કે બીજું કંઈ હોય– આ વિશાળતાની જ ઝલક આવતી હોય છે. તેઓ બધાને વિરાટ આકાશની ઝાંખી કરાવે છે. તેઓ જીવનનું સાચું દર્શન કરાવે છે જે સંકુચિત જીવન કરતાં હજારોગણું વ્યાપક હોય છે. લેખક હોય તો તેમની વાર્તાઓ આવી હોય છે. ચિત્રકાર હોય તો તેમનાં ચિત્રો એવાં હોય છે. તત્વજ્ઞાની હોય તો તત્વજ્ઞાન તેની ઝલક આપે છે. આવા લોકોનું અસ્તિત્વ અને તેમની કૃતિઓ અનંત આકાશનો સ્પર્શ કરાવે છે.

પણ આ બીચારા સંકુચિતો, કૂવામાંના દેડકાઓ, ની સરહદ તો બહુ સાકડી હોય છે. તેઓ તો સમગ્ર જીવન સાંકડા કૂવામાં ગોળ ગોળ ફરતા રહેતા હોય છે. તેમને મહાસાગરની વિશાળતાનો કયાંથી ખ્યાલ આવે ? તેમને આકાશની વ્યાપકતાની સુગંધ કેમ સમજાય ? એટલે તેઓ જયારે આવા સર્જકોની કૃતિઓને કે કર્મોને જુએ છે ત્યારે તેઓ તેની વ્યાપકતાથી જ ગભરાઈ જાય છે. તેમનું મગજ ( ? ) ચકરાઈ જાય છે. તેમની દુનિયા ગોળ ગોળ ફરવા લાગે છે. તેઓ ગોટાળામાં પડી જાય છે.

આમ તો ત્યારે વ્યકિતની ફરજ છે કે પોતે જે નથી સમજતી તેને સમજવાનો પ્રયાસ કરે. સર્જક કે પ્રતિભાવાન પાસે બેસી તેને સમજાવવા વિનંતિ કરે. આવુ કરે તો તે પણ વ્યાપકતાની દિશામાં આગળ વધી શકે. પણ આ મહાન લોકો તો પોતાને જ સર્વજ્ઞ માનતા હોય છે. તેઓ એવા ભ્રમમાં હોય છે કે તેઓ જે જાણે છે તે જ સંપૂર્ણ છે. તેનાથી બહાર કશું હોઈ જ ન શકે. એટલે આ કહેવાતા પ્રતિભાશાળી લોકો જે કહે છે કે કરે છે, તે ખોટું છે. જેમને પોતે ન સમજી શકે, તે બધું ખોટું ! અને જેને પોતે ખોટું માને તે ન જ થવું જોઈએ ! ! અને છતાં જો કરે તો તેને સજા કરવી જોઈએ. પહેલી સજા એ કે તેને ઉતારી પાડવા. તેમને હલકા ચીતરવા. તેમની હાંસી ઉડાવવી. જો માની જાય અને અટકી જાય તો વાત પૂરી. પણ પ્રતિભાવાન લોકો પણ એવા જ હઠીલા હોય છે. તે નથી જ માનતા. તો પછી તેમને ધમકીઓ આપવી. તેમનો બહિષ્કાર કરવો. ...અને છતાં ન માને, તો પછી તેમને જીવવાનો અધિકાર જ નથી. તેમને મારી જ નખાય. અને તેમને મારી નાખવાનો આ દેડકાઓનો અધિકાર છે એમ પણ ખાતરીપૂર્વક માને છે. અલબત, આટલી આત્યંતિકતા સુધી ઓછા જાય છે, પણ બીજા તબકકા સુધી તો જાય જ છે. તેમાં જો સતા સંકુચિત લોકોની હોય, તો તો મારવું–મારી નાખવું સરળ બને છે. ત્યારે અનેક પ્રતિભાવાનો મરે છે અને જીવે તો પણ સતત હેરાન થયા કરે છે. ઈતિહાસ આવા દાખલાઓથી ખીચોખીચ ભરેલો છે. આજે પણ આપણી નજર સામે આવા દાખલાઓ

બને છે. અત્યારે પણ ભારતના અનેક પ્રતિભાવાનોને સતત હેરાન કરવામાં આવે છે. તે માટે સંસ્કૃતિ, રાષ્ટ્રપ્રેમ જેવાં અનેક બહાનાં શોધવામાં આવે છે. " સતાને સામા થાય છે" એમ કહી હેરાન કરવામાં આવે છે. પ્રતિભાવાનો સતત હેરાન થયા કરે છે.

આયન રેન્ડ નામની લેખિકાએ તેને આ રીતે સમજાવેલ છે કે સમાજમાં બે પ્રકારના લોકો છે : બુધ્ધિશાળી કે પ્રતિભાવાનો જેને તે " ફર્સ્ટ રેટર્સ" –પ્રથમ કક્ષાના–કહે છે. અને બીજા છે સામાન્ય લોકો જેને તે " સેકન્ડ રેટર્સ" –દ્વિતીય કક્ષાના– કહે છે. વિશ્વમાં જે પણ પ્રગતિ થઈ છે તે આ પ્રતિભાવાનો–ફર્સ્ટ રેટર્સના કારણે જ થઈ છે. સેકન્ડ રેટર્સનો કશો જ ફાળો નથી સિવાય કે ફર્સ્ટ રેટર્સને હેરાન કરવાનો. અને, લેખિકા કહે છે, તકલીફ એ છે કે સતા હમેશાં આ બીજી કક્ષાના લોકોના હાથમાં જ હોય છે. પ્રથમ કક્ષાના લોકો પોતામાં એવા તો મસ્ત હોય છે કે તેમને સતાની જરુર પણ નથી હોતી અને તેની પડી પણ નથી હોતી. એટલે બીજી કક્ષાના લોકો સતા હાથમાં લઈ એક જ કામ કરે છે કે તેઓ આ પ્રથમ કક્ષાના લોકોને ખૂણામાં ફેંકી દે છે. જરા પણ મહત્વ આપતા નથી. તેમની પ્રજ્ઞાનો જરા પણ લાભ નથી લેતા. પ્રગતિ માટે તેમનો જરા પણ ઉપયોગ નથી કરતા. કેવળ સામાન્ય લોકોને જ મહત્વ આપે છે જેથી તેમને લઘુતાગ્રંથિ અનુભવવી ન પડે. પરિણામે સમાજને સતત ખોટ થયા કરે છે. પ્રગતિ ધીમી પડી જાય છે. અને મજાની વાત એ છે કે પ્રથમ કક્ષાના લોકો જે સંશોધનો કરે છે તેનો લાભ આ બીજી કક્ષાના લોકો જ લે છે. અને તેનો યશ પણ પોતે જ લે છે. લોકોને પણ ઠસાવે છે કે જે કંઈ પ્રગતિ થાય છે તે તેમના કારણે થાય છે. અને નેવુ ટકા લોકો તો ભ્રમણાને ઝડપથી વશ થતા હોવાથી તેમની વાત માની લે છે અને તેમની જ પ્રશંસા કર્યા કરે છે. ભારે કરુણ સ્થિતિ પેદા થાય છે.

પરિણામે, ઈતિહાસ જોશું તો, અજ્ઞાત ઋષિથી લઈ, રામ, કૃષ્ણ, બુધ્ધ, જીસસ, મહમ્મદ પયગંબર, કબીર, ગાંધીજી, આજના અનેક વિજ્ઞાનીઓ, કલાકારો, વિચારકો, રેશનાલીસ્ટો બધા આ કૂવામાંના દેડકાઓ દ્વારા સતત હેરાન થતા આવ્યા છે. આજે પણ પ્રતિભાવાનોને અવગણવામાં આવે છે. કેવળ સામાન્ય, ખુશામતખોરો, ચમચાઓને જ મહત્વ આપવામાં આવે છે. તેનો ભોગ સમાજ અને દેશ બન્ને બન્યા કરે છે. આજે પણ આપણે આપણા દેશમાં બુધ્ધિશાળીઓનાં, રેશનાલીસ્ટોનાં ખૂન થતાં જોઈએ છીએ. કોઈ ઉતમ પુસ્તકને પ્રકાશિત થતાં અટકાવતા જોઈએ છીએ. અને બુધ્ધિહીનોનાં, અજ્ઞાનીઓનાં સન્માન થતાં જોઈએ છીએ.

કદાચ કોઈને એવો સવાલ થાય કે સામાન્ય લોકો આમ શા માટે વર્તે છે ? તેનો જવાબ એ છે કે તેઓ લઘુતાગ્રંથિથી પીડાતા હોય છે. આવા લોકોને પોતાથી કોઈ ચડિયાતા લોકો જરા પણ ન ગમે. તેમને ઉતારી પાડે કે હટાવે તો જ તેમનું મહત્વ રહે. માટે આમ કરે છે. અને સદભાગ્યે, આવા લોકો બહુમતિમાં હોવાથી તેમને વ્યાપક ટેકો મળી રહે છે. તેથી સફળ પણ થાય છે. બુધ્ધિશાળીને કોણ ટેકો આપે ? એટલે જ ધાર્મિક વડાઓ, રૂઢિચૂસ્તોનું જ સમાજમાં વર્ચસ્વ ચાલે છે–હમેશાં.

મન્ટો સહિત કોઈ પણ ક્ષેત્રની પ્રતિભાશાળી વ્યક્તિને આ રીતે તપાસવામાં આવશે તો તેઓ શા માટે સતત હેરાન થતા હતા તે સમજાઈ જશે. અને તેમની આ નિયતિ છે અને રહેશે, કારણ કે સમાજ કયારે વિશાળ નથી થવાનો.

સમાજની, કહો કે, આ કરુણતા છે. "પાછળ રહેવાની હોંશ"ના કારણે તે હમેશ વિશાળતાને ગુમાવતો રહે છે. તેનો કોઈ જ ઉપાય નથી.

❑❑❑